# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી – ૩૯૬ ૪૫૦

ડૉ એમ. એસ. પુરોહિત
કુલસચિવ

ફોન નં : ૦૨૬૩૭ ૨૮૨૮૨૩
મો: ૯૮૨૫૧૩૬૭૯૩
WEB SITE: www.nau.in

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**વંચાણમાં** :– સેકશન અધિકારીશ્રી, મ.૩ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક :પરચ/૧૩૨૦૧૨/૧૭૯૬/મ.૩, તા૭.૧૨.૨૦૧૨

–:: પરીપત્ર ::–

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાઓને જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર દ્વારા " ગુજરાત ગરિમા એવોર્ડ આપવા અંગે નોમીનેશન મોકલી આપવાનું ઠરાવેલ છે. આપના વિભાગમાંથી ઉકત એવોર્ડ માટે પાત્રતા ધરાવતા હોય તો સામેલ વિગતો મુજબ નિયત ફોર્મમાં ગુજરાતીમાં બે (૦૨ ) નકલમાં તૈયાર કરીને તા.૨૮.૧૨.૨૦૧૨ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી.

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦.

જા.નં. નકૃયુ/રજી/એકેડેમીક/૧૭૪૪–૮૪/૧૨.
તારીખ:– ૨૭.૧૨.૨૦૧૨.

"ગુજરાત ગરિમા એવોર્ડ" અંગે
કાર્યપધ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અવડ-૧૦૨૦૦૫-૫૨૭-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૬-૭-૨૦૦૫

આ મુ ખ ::-

સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય તેવી ઉત્કૃષ્ટ સેવા, વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ વ્યક્તિ વિશેષ કે સંસ્થાને ગુજરાત સરકાર દ્વારા નાગરિક સન્માન આપવા અંગે નિયમો નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ ::::

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ગુજરાત સરકારના નાગરિક સન્માન "ગુજરાત ગરિમા એવોર્ડ" અંગે નીચે મુજબ કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"ગુજરાત ગરિમા એવોર્ડ" ની દરખાસ્ત મોકલતાં પૂર્વે નીચેની બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે.

૧. સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ ગણાય અને રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાએ નોંધપાત્ર ગણી શકાય તેવી ઉત્તમ સેવા બજાવેલી હોય કે સિધ્ધિ મેળવેલી હોય, તથા ગુજરાતમાં જેનું કાર્યક્ષેત્ર હોય અને ગુજરાત અથવા ગુજરાત બહાર રહેતા હોય તેવા વ્યક્તિ વિશેષ કે સંસ્થાને "ગુજરાત ગરિમા એવોર્ડ" એવોર્ડ આપવામાં આવશે.
૨. એવોર્ડ વિજેતાઓની પસંદગી:-
સરકાર દ્વારા નિમવામાં આવેલ સમિતિ, મળેલ દરખાસ્તોની નીચે જણાવેલા માપદંડના આધારે ચકાસણી કરીને સરકારને નામોની ભલામણ કરશે. સમિતિમાં વધુમાં વધુ સાત સભ્યો હશે. દર વર્ષે સમિતિએ આ કામગીરી ૩૧ માર્ચ સુધીમાં પૂરી કરવાની રહેશે.
૩. જુદા જુદા ક્ષેત્ર માટે એક વર્ષમાં વધુમાં વધુ પાંચ વ્યક્તિ કે સંસ્થાને એવોર્ડ આપી શકાશે.
૪. આ એવોર્ડ ૧લી મે, "ગુજરાત રાજ્યનો સ્થાપના દિન" ના રોજ દર વર્ષે આપવામાં આવશે.
૫. સન્માન વખતે ચંદ્રક, સન્માનપત્ર અને શાલ આપવામાં આવશે.
૬. આ એવોર્ડ અંગે સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) દ્વારા રજીસ્ટર નિભાવવામાં આવશે.
૭. મરણોત્તર એવોર્ડ પણ આપી શકાશે.
૮. ગુજરાત ગરિમા એવોર્ડ મેળવનાર વ્યક્તિ વિશેષ દ્વારા એવોર્ડની ગરિમાને લાંછન લાગે તેવા કોઇ પણ પ્રકારના વ્યવહાર / કાર્ય માટે સરકાર એવોર્ડ પરત લઇ શકશે, રજીસ્ટરમાંથી તેમનું નામ કમી કરવામાં આવશે. ઉપરાંત, એવોર્ડ પુનઃસ્થાપિત કરવા તથા એવોર્ડ પરત લેવાના હુકમને રદ કરવા માટે સરકાર સક્ષમ ગણાશે.
૯. ગુજરાત એવોર્ડ માટે પસંદગીના ક્ષેત્રોની માર્ગદર્શક યાદી નીચે મુજબ રહેશે.

(૧) સમાજ સેવા
(૨) વિજ્ઞાન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્જીનીયરીંગ
(૩) તબીબી સેવા
(૪) સાહિત્ય
(૫) શિક્ષણ
(૬) પત્રકારત્વ
(૭) રમત-ગમત
(૮) માનવ અધિકાર સુરક્ષા
(૯) વન અને પર્યાવરણ
(૧૦) કૃષિ
(૧૧) ઉદ્યોગ અને વેપાર
(૧૨) નાગરિક સંરક્ષણ / નાગરિક સેવા
(૧૩) જાહેર સેવા

૧૦. આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ એવોર્ડ માટે નામો અંગેની દરખાસ્ત સબંધિત જિલ્લા કલેકટરશ્રીએ દર વર્ષે ૩૧ ડીસેમ્બર સુધીમાં મોકલવાની રહેશે. દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ)ને સીધી પણ મોકલી શકાશે.

૧૧. વ્યકિત વિશેષ કે સંસ્થાને એક જ કક્ષાના એવોર્ડ બીજી વખત આપી શકાશે નહીં.

૧૨. એવોર્ડ અંગેની સઘળી કામગીરી સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) એ કરવાની રહેશે.

૧૩. એવોર્ડ અંગેનું ખર્ચ હિસાબના સદર " ૨૦૫૨-સચિવાલય સામાન્ય સેવાઓ, (૦૯૦) સચિવાલય, (૨) સામાન્ય વહીવટ વિભાગ, (૧૩) કચેરી ખર્ચ "ખાતે ઉધારવું અને જે તે નાણાકીય વર્ષમાં કરેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે.એલ.પટેલ )
નાયબ સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
સર્વ મંત્રીશ્રીઓ / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો.
પોલીસ મહાનિદેશકશ્રી, ગાંધીનગર.
સર્વ કલેકટરશ્રી,
સર્વ શાખાઓ, સામાન્ય વહીવટ વિભાગ,
સિલેકટ ફાઇલ-૩ નકલ / નાયબ સેકશન અધિકારી,

- પત્ર દ્વારા.

ડીકેપ્રજાપતિ.

## પરિશિષ્ટ - ૧

ગુજરાત ગરિમા એવૉર્ડ માટે દરખાસ્ત મોકલવા માટે પત્રક.

| | | | |
|---|---|---|---|
| ૧. | નામ | : | |
| ૨. | જન્મ તારીખ અને ઉંમર | : | |
| ૩. | જન્મ સ્થળ | : | |
| ૪. | હાલનું ટપાલનું સરનામું | : | |
| ૫. | ધંધો / નોકરી (સરકારી કર્મચારીના કિસ્સામાં હોદ્દો અને કચેરીનું સરનામું | : | |
| ૬. | કામગીરીનું ક્ષેત્ર | : | |
| ૭. | ભૂતકાળમાં રાજ્ય કક્ષાના કે અન્ય કોઈ એવોર્ડ / સન્માનપત્ર આપવામાં આવ્યા હોય તો તેની વિગત. | : | |
| ૮. | ભૂતકાળમાં કોઈ એવોર્ડ માટે દરખાસ્ત મોકલવામાં આવી હોય તો તેની વિગત | : | |
| ૯. | જે કામગીરી / પ્રવૃત્તિ માટે ભલામણ કરવામાં આવી છે તે વિશિષ્ટ કામગીરી / પ્રવૃત્તિની માહિતી (વધુમાં વધુ બે પાનામાં) | : | |
| ૧૦. | સંબંધિત કલેકટરશ્રીનો અભિપ્રાય. | : | |

તારીખ:

સ્થળ:

કલેકટરશ્રીની સહી

**" ગુજરાત ગરિમા એવોર્ડ " અંગે કાર્યપધ્ધતિ નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અવડ-૧૦૨૦૦૫-૫૨૭-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૫-૧૧-૨૦૦૫

**વંચાણે લીધો ::** સા.વ.વિ.ના તા. ૨૬-૭-૨૦૦૫નો સમાનાંકી ઠરાવ.

**સુધારો ::::**

વંચાણે લીધેલ ઠરાવથી " ગુજરાત ગરિમા એવોર્ડ" દર વર્ષે ૧લી મે " ગુજરાત રાજય સ્થાપના દિન"એ આપવાની કાર્યરીતી નકકી કરવામાં આવી છે. જેમાં આંશિક સુધારો કરી હવે નીચે મુજબની કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**એવોર્ડ વિજેતાઓની પસંદગી અને અર્પણ વિધિ:-**

૧. સરકાર દ્વારા નિમવામાં આવેલ પદ્મ એવોર્ડ અંગેની સમિતિ મળેલ દરખાસ્તોની ઠરાવેલા માપદંડના આધારે ચકાસણી કરીને સરકારને નામોની ભલામણ કરશે. દર વર્ષે સમિતિએ આ કામગીરી ૩૧મી ડીસેમ્બર સુધીમાં પૂરી કરવાની રહેશે.

૨. આ એવોર્ડ ૧૩મી જાન્યુઆરી, " વિશ્વ ગુર્જરી દિન" ના રોજ દર વર્ષે આપવામાં આવશે.